મોડાસા તાલુકાના નવા દાવલી ગામે એન.એસ.એસ. શિબિરનો પ્રારંભ

(સમીર બલોચ/જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૨

અરવલ્લી જિલ્લા ના મોડાસા તાલુકાના નવા દાવલી ગામમાં બી.સી.એ. કોલેજ ધ્વારા રાષ્ટ્રીય સેવા યોજના એન.એસ.એસ. આયોજિત યુવા જનજાગૃતિ શિબીર પાંચ દીવસ માટે પ્રારંભ કરવામાં આવ્યો હતો આ શિબીરનો પ્રારંભ સહયોગ કૃષ્ઠના ટ્રસ્ટી સુરેશભાઈએ કરાવ્યો હતો અને દીપ પ્રાગ્ટય કરી આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

હેમદાચાર્ય યુનિર્વસીટી ઉત્તર ગુજરાત પાટલ સંલ્ગન એન. એસ. એસ.ની પ્રથમ વાર્ષીક શિબીરનુ આયોજન મોડાસા તાલુકાના નવા દાવલી ગામે કરવામાં આવ્યુ હતુ. જેમાં સહયોગ કૃષ્ઠના ટ્રસ્ટી સુરેશ સોની તથા મલાયા ગાંધી મંડળના સુરેશભાઈ તથા કાન્તીભાઈ પટેલ ડો સુધીરભાઈ જોષી, ડો સંતોષધાઈ દેવકર તથા નીલેષભાઈ જોષી તથા નવા દુધ ત્પાદક મંડળીના ચેરમેન સરદારભાઈ પટેલ તથા સરપંચ રાજેન્દ્રસિંહ પુવાર તથા પરિમલભાઈ મંચ ઉપર ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પાંચ દિવસની શીબીરમાં આંખોના દર્દીઓના કેમ્પનુ આયોજન તથા જરૂરી દવાઓ તેમજ વિદ્યાર્થીઓ ધ્વારા સફાઈનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

સરઢવ ખાતે દેવી ભાગવત જ્ઞાન કથા સપ્તાહનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના સરઢવ ખાતે શ્રીકૃષ્ણ મહિલા ભજન મંડળ દ્વારા તા. ૫ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન કથાકાર કાલીદાસજી મહારાજની વ્યાસપીઠે શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાન કથા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા સપ્તાહ દરરોજ બપોરે ૧ થી ૫ વાગ્યા દરમ્યાન સરઢવની રેવાબાઈ જનરલ હોસ્પિટલ સામે આવેલ ત્રિદેવી મંદિર ખાતે યોજાશે.

આ શ્રીદેવી ભાગવત જ્ઞાન કથાની પોથીયાત્રા તા. ૫મી જાન્યુઆરીએ બપોરે ૧૨.૩૯ કલાકે કાન્તિભાઈ નાથાલાલ પટેલના નિવાસસ્થાનેથી નીકળી કથા સ્થળે જશે. આ ભાગવત જ્ઞાન કથાનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક સોમવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક પદાધિકારીઓના નિવાસસ્થાને યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ મુજબ જાન્યુઆરી માસની બેઠક તા. ૫મી જાન્યુઆરીએ સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને પદાધિકારી જે.જે. ત્રિવેદીના નિવાસસ્થા પ્લોટ નં. ૧૬૦૧/૧, વાવોલ રોડ, ગ-૩ નજીક, સેક્ટર-૫-સી ખાતે બપોરે ૪.૩૦ વાગે યોજાશે. આ બેઠકમાં નવા વર્ષનું આયોજન અને પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. આ બેઠકમાં ઉપસ્થિત રહેવા પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો અને આમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા તાકીદ કરાઈ છે.

નૂતન વર્ષે ડીએસપી કચેરીએ સ્વચ્છતા અભિયાનથી 'યુથ વેવ'નો પ્રારંભ

વર્ષ ૨૦૧૫ના પ્રથમ દિવસથી જ સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાય તે બાબત ખૂબ જ આવકારદાયક લાગે છે. ગાંધીનગરના 'યુથ વેવ' ગ્રૂપના યુવાનોએ આ શુભ કાર્યનો પ્રાંરભ કર્યો હતો. આ સંસ્થાના યુવા સભ્યોએ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા કચેરીએથી આ સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી છે. આ ગ્રૂપના ૬૦ જેટલા યુવાઓની આ પ્રથમ સેવાકીય પ્રવૃત્તિ વર્ષના પહેલા દિવસથી ચાલુ થઈ છે તે અંતર્ગત સમગ્ર વર્ષ દરમિયાન સમાજોપયોગી કાર્યો હાથ ધરાશે તે માટે યુવાનો કટિબધ્ધ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

બ્રહ્મસમાજ મહિલા પાંખના સ્નેહમિલન કાર્યક્રમમાં ફેરફાર

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મ સમાજની મહિલા પાંખ દ્વારા પરંપરાગત સ્નેહમિલન સમારંભ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા.૪થી જાન્યુઆરીએ કરવામાં આવ્યું હતું. જે હવે બદલીને તા. ૧૮મી જાન્યુઆરીએ સે-૧૬માં બ્રહ્મભવન ખાતે બપોરે ૧.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા સર્વે બ્રહ્મ ભાઈઓ અને બહેનોને બ્રહ્મભવન ખાતે કું. અંજના ગોરનો સંપર્ક સાધવા જણાવાયું છે.

રવિવારથી સે-૨ ખાતે નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨

ભારતીય યોગ સંસ્થાન દ્વારા તા. ૪ થી ૯ જાન્યુઆરી દરમિયાન દરરોજ સવારે ૬ થી ૭ કલાકે સેકટર-૨ના બગીચામાં નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં પ્રાણાયામ, યોગાસનો અને વૈજ્ઞાનિક સમજ સાથે સુક્ષ્મ ક્રિયાઓ યોગ સંસ્થાનના ગુજરાત પ્રાંતના પ્રમુખ દેવરાજભાઈ પટેલ દ્વારા શીખવાડવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેવા માટે નરેન્દ્રભાઈ ભાવસાર, કિરણભાઈ વસા અથવા ધર્મિષ્ઠાબેન પંડયાનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ભાજપ સરકારે ગુજરાતને વિકાસને બદલે અધોગતિની ગર્તામાં ધકેલી દીધુ છે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૨

છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતમાં શાસન કરતી ભાજપ સરકારે દિશાવિહીન રીતે ગુજરાતને વિકાસને બદલે અધોગતિની ગર્તામાં ધકેલી દીધુ છે, તેવો આક્ષેપ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.

રાજય સરકાર દ્વારા ગઈકાલે જારી કરવામાં આવેલી નવી ઉદ્યોગનીતિ અંગે પ્રતિક્રિયા આપતાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે નવી ઉદ્યોગનીતિએ ઉદ્યોગોને જેની સમજણ ન હોય તેવી નીતિ કે જેમાં કોઈ નીતિ છે જ નહી તે ફક્ત જાહેરાત તથા છાપામાં પ્રસિદ્ધી પુરતી જ મર્યાદિત છે. સરકારે બ્લેક એન્ડ વ્હાઈટમાં જે ઔદ્યોગિક નીતિ મુકવી જોઈએ એ પાંચ તબક્કામાં મુકવાની વાત કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં નવરાશનો કોઈ તબક્કો મળ્યો નથી. જેમાં જૂની જાહેર કરેલી નીતિની જાહેરાતના પરિપ્રેક્ષ્યમાં અવલોકન કરીને ઉદ્યોગોને વેગ મળે તેવું કાંઈ કર્યુજ નથી.

૨૦૧૫માં નવી ઉદ્યોગ નીતિને લઈને જે વાયબ્રન્ટ થઈ રહ્યુંછે એ ભાજપ સરકારનો બહુ મોટો તમાશો અને તાયફો છે તેવો આક્ષેપ કરતાં વિપક્ષી નેતાએ જણાવ્યું હતું કે ગુજરાતની પ્રજાના માથે ભાર છે. છ વાઈબ્રન્ટ થયા પછી પણ જે ગુજરાત ૧૫ વર્ષ પહેલા હતુ ત્યાંનું ત્યાં હોય તો આ પ્રજાના ખર્ચે અને જોખમે સરકારી તિજોરીમાંથી બેફામ ખર્ચ શુ કામ થઈ રહ્યો છે?

તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં ૬૦ હજાર જેટલા નાના અને મધ્યમ ઉદ્યોગોને તાળા લાગી ગયા છે. ઉદ્યોગકારો દેવાદાર થઈ ગયા છે. નોકરી કરતાં કર્મચારીઓ બેકાર થઈ ગયા છે. આવી નીતિ રીતિને લીધે આજે ગુજરાતમાં ૧૦ લાખ કરતા વધુ શિક્ષિત બેરોજગારો છે. મૂડીરોકાણવાળાઓ પાસે ઉદ્યોગ સ્થાપવા માટેના મૂડી રોકાણના કારણો હોવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખેતી ઉદ્યોગોનો દરજ્જો આપવો જોઈએ તેવી માંગણી થઈ રહી છે છતાં તેના પ્રત્યે દુર્લક્ષ સેવવાને કારણે આજે ખેતી અને ખેડૂતો બેહાલ છે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી નિમિત્તે સુષ્મા સ્વરાજે લોગો લોન્ચ કર્યો

ગાંધીનગર, તા. ૨

ભારતના વિદેશ પ્રધાન શ્રીમતી સુષ્મા સ્વરાજે આજે પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી નિમિત્તે લોગો લોન્ચ કર્યો હતો.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનો કાર્યક્રમ ગુજરાતમાં યોજાનાર છે. આ કાર્યક્રમની તૈયારીની સમીક્ષા કરવા ગુજરાતના પ્રવાસે આવેલા ભારતના વિદેશ પ્રધાન શ્રીમતી સુષ્મા સ્વરાજે આજે કોબા ખાતે પ્રદેશ ભાજપ કમલમ્ કાર્યાલયની મુલાકાત લીધી હતી. ભાજપ કાર્યાલયની મુલાકાત લીધા બાદ તેમણે મહાત્મા મંદિર અને પેવેલિયન હોલની ઉત્તમ વ્યવસ્થા માટે ગુજરાત સરકારને અભિનંદન આપ્યા હતાં. ગુજરાતમાં માત્ર વિચાર નહીં એ પ્રમાણેનું અમલીકરણ એ શાસનની ઓળખ બની છે. વાયબ્રન્ટ સમિટ બાબતે તેમણે નરેન્દ્ર મોદીની દીર્ઘદૃષ્ટિ અને છેક પાયાન સ્તર સુધી વિચારના અમલીકરણ બાબતની પ્રતિબધ્ધતા જગાવવા માટેની કુનેહ અને શૈલીની સરાહના કરતાં જણાવ્યું હતું કે આ વાઈબ્રન્ટ સમિટમાં સમગ્રવિશ્વ મોદીના વિચાર અને ભારતનું સામર્થ્ય જોશે.

પ્રદેશ કાર્યાલય ખાતે ઉપસ્થિત કાર્યકરો સમક્ષ તેમણે કમલમની ભવ્યતા અને આયોજનબધ્ધ વ્યવસ્થા અંગે પ્રસન્નતા વ્યકત કરતાં તેમણે જણાવ્યું હતું કે સ્થળનો ઉત્પાદકતા સાથે સંબંધ છે. શ્રી કમલમ્‌ના નવા કાર્યાલયથી કામની ગતિ અને નવી ઉંચાઈઓ પ્રાપ્ત થઈ છે.

એમ.એસ. યુનિવર્સિટી કુલાધિપતિ ડૉ. મૃણાલીનીદેવી પુઆરના નિધન પર શોક વ્યક્ત કરતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ એમ.એસ. યુનિવર્સિટીના કુલાધિપતિ ડૉ. મૃણાલીનીદેવી પુઆરના દુઃખદ નિધન પર ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી. તેમના શોક સંદેશમાં રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, 'ડૉ. મૃણાલીનીદેવીના નિધનના સમાચાર જાણી મને ઘણું દુઃખ થયું છે.' ડૉ. મૃણાલીનીદેવીના નિધનથી આપણે એક પ્રતિભાવંત શિક્ષક, વિશિષ્ટ વહીવટકર્તા અને ન્યુટ્રીશ્યનના એક સારા વિશેષજ્ઞ ગુમાવ્યા છે.

રવિવારે અરવિંદ કેન્દ્ર ખાતે કુદરતી ઉપચાર કેમ્પનું આયોજન

ગાંધીનગરના નૈસર્ગિક સ્વાસ્થ મંડળ અને અરવિંદ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. ૪થી જાન્યુઆરી, રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન કુદરતી ઉપચાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સે. ૨ ૩માં આવેલ અરવિંદ કેન્દ્ર ખાતે યોજાશે. જેનો લાભ લેવા તમામ નગરજનોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કેમ્પમાં ભાગ લેવા માટે એક પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ફોર્મ ભરવાનું રહેશે.

શબ્દાવલી - પક૦૬



આડી ચાવી

૧. દ્વવપેચ, છળકપટ (૪)
૪. યોગ્ય, ઉચિત (૩)
૬. ભયંકર, યુદ્ધ (૪)
૮. એક પ્રકારનો સ્ક્રુ (૩)
૧૧. હાથ, હસ્ત (૨)
૧૨. સાહિત્યની રચના કરનાર(૫)
૧૬. કજિયો, કલેશ (૪)
૧૭. પોતાની જાતનું અર્પણ કરવું તે (૪)
૧૯. પોલાપણું (૩)
૨૨. કોઇ મોટો સ્ટેજ પ્રોગ્રામમાં સભામાં સૌથી છેલ્લે... કરાય છે (૫)

ઊભી ચાવી

૧. અંદરનું (૪)
૨. લાજ, ઘુમટો (૩)
૩. પલટન, જૂથ, વિભાગ(૨)
૪. લ્હાણી, વહેંચણી (૨)
૫. છાશ અને ચણાના લોટની એક વાનગી (૨)
૭. સમુહમાં, ... રીતે (૪)
૯. દુશ્મની (૨)
૧૦. સંતાપ, ગુસ્સો, લોહી...(૩)
૧૩. ત્યજાયેલ સ્ત્રી (૩)
૧૪. રામનું.... કરવું, સ્મરણ(૩)
૧૫. આયનો, અરીસો (૩)
૧૭. 'પોસ' શબ્દ ઊંધો (૨)
૧૮. દૂધની ઉપર થતી જાડી તર (૩)
૨૦. મેળાવડો, પરિષદ (૨)
૨૧. કવિતાની રચના કરનાર પુરુષ(૨)

શબ્દાવલી પક૦૫ના જવાબ

આડી ચાવી :- (૧) આફરીન (૪) બલમ (૭) મનવા (૮) અજાયબ (૯) જલધર (૧૧) ટકા (૧૩) ખર (૧૪) વાંક (૧૫) મારણ (૧૬) સાંજ (૧૭) શંકુ (૧૮) સાંઢણી (૧૯) ટીખળ (૨૨) માયુસ (૨૩) સથવારો

ઊભી ચાવી :- (૧) આમલેટ (૨) ફન (૩) રિવાજ (૪) બજાર (૫) લય (૬) મબલક (૮) અધર (૧૦) લખણ (૧૨) કામાકુટીયુ (૧૪) વાંજણી (૧૬) સાંઢ (૨૦) ખસ (૨૧) ગારો

નવી પોલિસી બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરળીકરણ માટે ચીફ સેક્રેટરીના ચેરમેનપદે ઉચ્ચ અધિકારીઓની એક કમિટી ઉપરાંત ઈન્વેસ્ટમેન્ટ -મોશન માટે ચીફ મિનિસ્ટરની કમિટીની રચના કરવામાં આવશે, જેને પેકેજ મંજૂર કરવાની સત્તા રહેશે.

એકબારી પદ્ધતિમાં હવે ઉદ્યોગજૂથોએ અલગ અલગ વિભાગોમાં અરજીઓ કરવાની રહેશે નહી, કારણ કે સરકાર હવે આ પદ્ધતિમાં તમામ વિભાગો માટેનું એક જ અરજીપત્રક ઉપલબ્ધ કરાવશે. આ કાર્યવાહી માટે ઉદ્યોગ કમિશનરેટ કચેરીના સિનિયર ઓફિસરોને સ્વતંત્ર હવાલા સોંપવામાં આવતા તેઓ વિભાગો સાથે સીધો સંપર્ક કરી શકશે. આ પદ્ધતિ રાજય તેમજ જિલ્લાકક્ષાએ સ્થાપવામાં આવશે.

ઔદ્યોગિક પાર્ક માટે સરકારે જમીન સંપાદન તેમજ બાંધકામની મંજૂરીઓમાં સરળીકરણ કર્યું છે. હાલની ત્રણ વર્ષમાં ન્ોજેક્ટ પૂર્ણ કરવાની મર્યાદા વધારીને ૧૦ વર્ષની કરવાનું તેમજ પ્લોટ એલોટમેન્ટ થાય ત્યારે ૫૦ ટકા રકમની સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવી રહ્યું છે. ૧૦૦ હેક્ટર કરતાં વધુ વિસ્તારના મોટા ઔદ્યોગિક પાર્કને પાર્કની બહાર આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે લિન્ક રોડ, પાણી, વીજળી જેવા ખર્ચા માટે અલગથી સહાયની વિચારણા કરવામાં આવી છે.

ટેક્સટાઈલ ઉદ્યોગને ન્ોત્સાહન આપવા માટે સરકારે ડાઈંગ તેમજ ન્ોસેસિંગ કરતા સ્વતંત્ર એકમો સ્થાપવા માટેની વિચારણા કરી છે જે અત્યાર સુધી કરવામાં આવી નથી. -દૂષિત પાણીના નિકાલની સુવિધા ધરાવતા ડાઈંગ અને ન્ોસેસિંગ પાર્કને ન્ોત્સાહન પાત્ર યોજના ગણવામાં આવનાર છે.

જીઆઈડીસી વસાહતોમાં કોઈ ઉદ્યોગજૂથને એક્સપાન્સન કરવું હોય તો તે કરી શકતા નથી, કારણ કે જમીન ઉપલબ્ધ હોતી નથી તેથી સરકારે એફએસઆઈ વધારી આપવાની દરખાસ્તને સ્વિકારી છે જેથી ઉદ્યોગો ઉપરના માળે વધારાનું બાંધકામ કરી શકશે. સરકારે મહત્વનો એક નિર્ણય લઈને શહેરી વિસ્તારોમાં સ્થપાયેલા ઉદ્યોગને સ્થળ બદલવાનો વિકલ્પ આપવાનું અને તેના માટે અલગ ન્ોત્સાહન પેકેજ આપવાનું વિચારણામાં લીધું છે.

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં મોટા ઉદ્યોગોનો ફાળો મહત્વનો હોવાથી તેમને ન્ોજેક્ટ સ્થાપવામાં મુશ્કેલી ન પડે તે હેતુથી પછાત વિસ્તારોમાં વધારે ન્ોત્સાહન આપવાનું સરકારની વિચારણામાં છે. સરકાર માંદા અને બંધ એકમોની અસ્ક્યામતોને સહાય કરવાનું પણ વિચારી રહી છે. જો કોઈ સાહસ માંદુ કે બંધ એકમ ખરીદે તો તેને સહાય ચૂકવવામાં આવશે. આ હેતુથી સરકારે ઉદ્યોગ, નાણા અને શ્રમ વિભાગની એક કમિટી બનાવવાનું નક્કી કર્યુ છે.

મરીન ઉદ્યોગના વિકાસ માટે દરિયામાં ઉંડાણ સુધી માછીમારી કરવા આધુનિક બોટ અને તેના ન્ોસેસિંગ માટેની એક યોજના બનાવવામાં આવી રહી છે. સરકારે નાના બંદરોના વિકાસ માટે અલગ પોલિસી બનાવે તેવી શક્યતા છે. ઉદ્યોગ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે રાજય સરકાર કુટીર ઉદ્યોગના વિકાસ માટે માર્કેટીગ તેમજ સહાયનો સમાવેશ કરતી નવી કુટીર ઉદ્યોગ નિતી બનાવી તેના માટેના ન્ોત્સાહનો જાહેર કરવા માગે છે.

ગ્રામસભા અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાનું રહેશે તેમજ તેની મંજૂરી મેળવવાની રહેશે.

આ ગ્રામસભા અભિયાનમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ચાલુ રહેલી કામગીરીની પણ સમીક્ષા કરવાની રહેશે. એટલુ જ નહિ જોબ કાર્ડ ધારકની આધારકાર્ડ મેળવ્યુ હોય તો તેની અલગથી ડેટા એન્ટ્રી તંત્રએ કરવાની રહેશે. આ અભિયાનમાં પ્રધાનમંત્રીની જનધન યોજના વિશેની વિસ્તૃત સમજ આપવાની હોવાથી બેંક મેનેજર હાજર અવશ્ય રહે તે પણ જોવાનુ રહેશે.

આ ગ્રામસભા અભિયાન દરમ્યાન રજુ થયેલા પ્રશ્નો તાલુકા-જિલ્લા અને રાજ્યકક્ષાના અલગ તારવવાના રહેશે. સૌથી મહત્વની નોંધનીય બાબત એ રહેશે કે આ અભિયાનમાં રજુ થયેલા પ્રશ્નો હવે તાલુકા-જિલ્લા સંકલન સમિતિમાં ચર્ચા માટે પણ રજુ કરવાના રહેશે.

દિવોલો પર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મધ્યપ્રદેશની જેલમાંથી ભાગી ગયેલા સીમીના આતંકવાદીઓ મુંબઈ અંધેરી વેસ્ટનો અબુ ફૈઝલ ખાન, ખંડવા ગણેશ નલાઈનો શેખ મહેબુબ ઊર્ફે ગુડ્ડુ, અમઝદ ઊર્ફે દાઉદ ખાન, અસલમ ઊર્ફે બિલાલ, ઝાકીરહુસેન ઊર્ફે શાદીક અને નરસિંહપુર, કરેલી વિસ્તારનો અઝાઝુદ્દીન એમ છ આંતકવાદીઓના ફોટો સાથેના પોસ્ટર તૈયાર ગાંધીનગર એસઓજી દ્વારા તૈયાર કરી શહેરના જાહેર સ્થળો પર દિવાલો ઉપર ચોંટાડી દેવામાં આવ્યા છે. વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન સુરક્ષા અને સલામતીના ભાગરૂપે પોસ્ટરો તૈયાર કરી તે વ્યક્તિઓ ક્યાંય દેખાય તો ગાંધીનગર પોલીસ કંટ્રોલ ૦૭૯-૨૩૨-૧૦૯૧૪/૧૦૦ અથવા એસઓજી ગાંધીનગર ૦૭૯-૨૩૨-૬૧૬૨૩ ઉપર તાત્કાલિક જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રોશનીની ઝગમગાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોઈક નવા જ લૂકમાં જોવા મળે તે માટે તંત્ર દ્વારા છેલ્લા દોઢ મહીનાથી તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટમાં દેશ વિદેશના મહેમાનોના સ્વાગત માટે નગરને પણ દુલ્હનની જેમ શણગારવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા અને દબાણ હટાવ ઝુંબેશ બાદ ચકાચક ભાસતા નગરના માર્ગોને પણ રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા છે. રાત્રિ દરમિયાન માર્ગો પર અનોખો ઉજાસ પથરાયેલો જોવા મળે છે. ગાંધીનગરના વિવિધ માર્ગોથી લઈ એરપોર્ટ સુધીના રસ્તા પર રોશનીની ઝાકમઝોળ જોવા મળી રહી છે. શહેરના મુખ્યમાર્ગો અને વિવિધ સરકારી બિલ્ડીંગોને રોશનીથી શણગારવામાં આવી રહ્યા છે. સ્વર્ણિમ પાર્ક પણ કલરફૂલ લાઈટીંગથી ઝગમગતો જોવા મળશે. સ્વર્ણિમ પાર્કના વૃક્ષોને પણ રોશનીથી સજાવવામાં આવશે. અત્યારથી જ નગરના માર્ગો પર વિશેષ અજવાળું પથરાયેલું જોવા મળે છે. સરકીટ હાઉસ, વિશ્રામ ગૃહ, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, કલેકટર કચેરી, રાજભવન અને મંત્રી નિવાસ સહીતના બિલ્ડીંગોને પણ રોશનીથી જગમગતા કરવામાં આવશે. વાઈબ્રન્ટ રોશનીના લીધે નગરની રાત્રિની રોનક નિખરી છે.

કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન નિભાવનાર અને ભાડુઆત અંગે સ્થાનિક પોલીસને જાણ ન કરનાર તમામ વેપારી તથા મકાન માલીકો સામે જાહેરનામા ભંગના ગુના દાખલ કરી સપાટો બોલાવ્યો છે. બે મહિનામાં આ રૂટ પર અઢીસો જાહેરનામા ભંગના કેસ કરીને ગાંધીનગર એસઓજીએ સપાટો બોલાવ્યો છે.

વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન કોઈ આતંકવાદી કે અન્ય કોઈ તત્વો જે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ડોહળાવવાનો પ્રયત્ન કરવા ગાંધીનગરમાં ન ઘુસે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. પોતાની ઓળખ છુપાવીને ગેસ્ટહાઉસ-હોટલ કે મકાન ભાડે રાખીને છુપા વેશમાં ગાંધીનગર રહી મેલી મુરાદ પુરી કરી ન જાય તેનું ધ્યાન રખાઈ રહ્યું છે. જેના ભાગરૂપે એસઓજી પી.આઈ.જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમજની ટીમે અઢીસો જેટલા જાહેરનામા ભંગના કેસ છેલ્લા બે મહિનામાં કરવામાં આવ્યા છે.

કેમેરા પણ નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શક્યતાઓ વધી છે. આ ઘટનાને પગલે વકીલોમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે. હાલમાં કોર્ટ બિલ્ડીંગમાં સિક્યુરીટીના અભાવે સલામતીને સ્પર્શતા અનેક સવાલો મંડરાયા છે. કોર્ટના મુખ્યદ્વાર પાસે પણ કડક બંદોબસ્ત ગોઠવવાની અનિવાર્યતા છે. બીજી તરફ સી.સી.ટી.વી. કોમેરા માટે અગાઉ કોર્ટમાં ઈન્સ્પેકશન તેમજ ઓબઝર્વેશન કરવામાં આવ્યું હતું. આમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. કોર્ટ બિલ્ડીંગની સલામતીને ધ્યાને લઈ યોગ્ય સિક્યુરીટી તેમજ સી.સી.ટી.વી. કેમેરાની વોચ ગોઠવા પણ ડીસ્ટ્રીક્ટ બાર દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

સતત બીજા દિવસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે પણ શહેરમાં વાદળોની અવરજવર થતી જોવા મળી હતી. વાદળોની જમાવટના કારણે તાપમાન ઉંચકાયું હતું અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી જેટલું પહોંચી ગયું હતું. જો કે વાદળોના કારણે તડકો ન નીકળતા અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ યથાવત રહેતા તથા સતત પવન ચાલુ રહેતા આખો દિવસ વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવું પડયું હતું.

કેમેરા ફીટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈલેન્ડમાં પણ સી.સી.ટી.વી. કેમેરાના ટાવર ઉભા કરી દેવાયા છે. જેના આધારે પોલીસ પણ આ વિસ્તારમાં થતી હીલચાલ પર વોચ રાખી શકશે.

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવોના આગમનના પગલે શહેરમાં સલામતી વ્યવસ્થા તરફ મુખ્યત્વે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. મહાનુભાવોની અવર જવરના રૂટમાં પણ સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી દેવાયા છે. જયારે સ્વર્ણિમ પાર્કની સલામતી વ્યવસ્થાને ધ્યાને લઈને પણ પાર્કમાં જરુરી ઠેકાણે સી.સી.ટી.વી. કેમેરાની વોચ ગોઠવી દેવાઈ છે. સ્વર્ણિમ પાર્કમાં નવનિર્મિત વોટરબોડી પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાર્કની વોટરબોડીને કોઈ નુકશાન ન પહોંચે તે માટે આ ઠેકાણે કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત ઘ-૪ સર્કલ આસપાસ સ્થિત ટ્રાફીક આઈલેન્ડમાં પણ સી.સી.ટી.વી. કેમેરા માટે બે નાના ટાવર ઉભા કરવામાં આવ્યા છે. સર્કલની બંને સાઈડ આ ટાવરમાં કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. હાર્દસમા આ વિસ્તારને કેમેરાની વોચ હેઠળ આવરી લેવાયો છે. સર્કલો અને જરુરી જાહેર સ્થળો ઉપરાંત સ્વર્ણિમ પાર્કમાં પણ સલામતીને ધ્યાને લઈ કેમેરાની વોચ ગોઠવી દેવામાં આવી છે.

રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના
ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ - ગણતા, તાલુકો - લાખણી

ગણતા મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ, ગણતા દ્વારા તા. ૬/૧/૨૦૧૫ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૧૨/૧/૨૦૧૫ સુધીમાં ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ -ગણતા, તાલુકો - લાખણીને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી/યુનિટ મેનેજરશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

અ. નં.	કામનું નામ	૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી
૧	ગણતા, તાલુકો : લાખણી સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનનું કામ	૧) રૂ. ૪,૮૪,૯૨૦.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર
૨	ગણતા, તાલુકો : લાખણી સ્વજલધારા યોજના હેઠળ હવાડાનું કામ	૧) રૂ. ૯૦,૩૨૦.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ કલાસ તથા ઉપર

કમાંક : નામાનિ/પાલન/૪૫૭/૨૦૧૪-૧૫

રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના
જળ અને સ્વચ્છતા સમિતિ - ઓઢવા, તાલુકો - ડીસા

ઓઢવા મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ, ઓઢવા દ્વારા તા. ૬/૧/૨૦૧૫ સુ